# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ

**વંચાણે લીધાઃ**
આ કચેરીના પરિપત્ર ક્રમાંકઃ જૂકૃયુ/રજી/એડીએમ-૧.૨/૨૦૧૯/૯(ભાગ-૩)/૮૨૧૮-૮૨૭૦ તા.૦૨/૦૮/૨૦૨૪

# પરિપત્ર

આ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા શૈક્ષણિક સંવર્ગના અધિકારીશ્રીઓ પાસેથી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ ACD/KPO/e-file/2/2022/1337/K2 Section-Agri Uni તા.૨૫/૦૭/૨૦૨૪ના સાતમા પગારપંચની ભલામણ મુજબ તા.૦૧/૦૧/૨૦૧૬ બાદ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)નો લાભ આપવા બાબતના ઠરાવ અન્વયે ઉપરોકત વંચાણે લીધા પરિપત્રથી અરજીઓ મંગાવવામાં આવેલ છે. જે અંગે અરજદાર અને તેમની કચેરીએ નીચેના મુદાઓને ધ્યાનમાં રાખી અરજીઓ મોકલી આપવાની રહેશે.

૧. શૈક્ષણિક સંવર્ગ મદદનીશ પ્રાધ્યાપક સંવર્ગમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ +AGP રૂ.૬૦૦૦/- સ્ટેજ-૧ માંથી પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ +AGP રૂ.૭૦૦૦/- સ્ટેજ-૨ માં CAS હેઠળ પ્રમોશન મેળવવા માટે ૨(બે) ઓરીએન્ટેશન / રીફ્રેશર તાલીમ કાર્યક્રમો નિયમ સમય મર્યાદામાં કરવા જરૂરી છે. પરંતુ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૭/૦૯/૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ ગકવ-૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨ મુજબ સદરહું તાલીમની મુદ્દત તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી ઠરાવની મૂળ શરતોને આધિન લંબાવવામાં આવેલ.
૨. જે અરજદારોએ ઉકત લંબાવવામાં આવેલ મુદ્દત મુજબની જે તાલીમ સ્ટેજ-૧ માંથી સ્ટેજ-૨ મેળવવા માટે ધ્યાને લીધેલ હોય, તે તાલીમ તેને મળવાપાત્ર પછીના સ્ટેજ-૩ માં માન્ય ગણવાની રહેશે નહી.
૩. **સ્ટેજ-૩** માટે અરજીકર્તા ઉમેદવારોએ જ આ સાથે સામેલ **એનેક્ષર-૧**માં તાલીમની વિગતો દર્શાવી અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

ઉકત વિગતો ધ્યાને લઈ નિયમોનુસાર તાલીમ અંગેની નોંધ સબંધિત શિક્ષકની સેવાપોથીમાં ચકાસ્યા બાદ જ કચેરી વડાએ અરજી અત્રેની કચેરીએ મોકલવાની રહેશે.

સદરહુ પરિપત્ર અત્રેની કચેરીની ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

**કુલસચિવ**

જા.નં.જૂકૃયુ/રજી/એડીએમ-૧.૨/૨૦૧૯/૯(ભાગ-૩)/૮૪૦૮-૦૯ જૂનાગઢ તા. ૮/૦૮/૨૦૨૪

**નકલ સવિનય રવાના :-**
૧. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૨. નિયામકશ્રી, આઈ.ટી. સેલ તરફ યુનિવર્સિટી વેબસાઇટ પર મુકવા સારૂ.

# એનેક્ષર – ૧

(ફક્ત સ્ટેજ– ૩ ની અરજીકર્તા ઉમેદવારો માટે જ)

મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ (વર્ગ–૨)મા યુનિવર્સિટી સેવામા જોડાયા બાદ ઓરીએંટેશન કોર્સ/રીફ્રેશર કોર્સ/સમર સ્કુલ/વિંટર સ્કુલ તથા અન્ય ૨૧ દિવસ કે તેથી વધુની તાલીમમા ભાગ લીધો હોય તેની વિગત

**Name:** ______________________________________________

Date of joining as Assistant Professor & its equivalent (either through direct recruitment *or* promotion):

______________________________________________

| Sr. No. | Particulars | Place | Duration | | Sponsoring Agency |
|---|---|---|---|---|---|
| | | | From | to | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**Place:**

**Date:**

**ઉમેદવારની સહી અને નામ:**

**કચેરી વડાની સહી અને હોદ્દો:**